# <u>કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, દાહોદ દ્વારા વિશ્વ જમીન દિવસની ઉજવણી</u>

કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, આણંદ કૃષિ યુનિવર્સિટી, મુવાલિયા ફાર્મ, દાહોદ દ્વારા **"વિશ્વ જમીન દિવસ"** ની ઉજવણી તારીખ ૦૫.૧૨.૨૦૨૦ ના રોજ પહાડ ગામે કરવામાં આવેલ. આ કાર્યક્રમની શરૂઆત દીપ પ્રાગટ્ય કરી કરવામાં આવી હતી. ત્યારબાદ કેન્દ્રના વરિષ્ઠ વૈજ્ઞાનિક અને વડા (ઇ./ચા.), ડૉ. એચ. એલ. કાચાએ જમીન સરક્ષણ કરવા માટે ચાવીરૂપ મુદ્દા અંગે વિસ્તૃત માહિતી આપી હતી. શ્રી. એન. ડી. મકવાણા, વૈજ્ઞાનિક (સસ્ય વિજ્ઞાન)એ જમીનમાં મુખ્ય તેમજ ગૌણ તત્વોનું સમપ્રમાણ જાળવણી કરી જમીનની ફળદ્રુપતા ટકાવી રાખવા અંગે સમજ આપી હતી. જ્યારે શ્રી. જી. કે. ભાભોર, વૈજ્ઞાનિક (વિસ્તરણ શિક્ષણ)એ સજીવ ખેતીનો અભિગમ અપનાવી જમીનની જાળવણી કરવા ખેડૂત બહેનોને અપીલ કરી હતી. આ આ કાર્યક્રમમાં કુલ ૮૮ મહીલા ખેડૂતોએ ઉત્સાહભેર ભાગ લીધેલ હતો. **અંતે આભાર વિધિ કરી કાર્યક્રમને પૂર્ણ કરવામાં આવેલ હતો.**



દીપ પ્રાગટ્ય


ડો. એચ. એલ. કાચાનું ઉદબોધન

૦૫/૧૨/૨૦૨૦


શ્રી. એન. ડી. મકવાણાનું ઉદબોધન


શ્રી. જી. કે. ભાભોરનું ઉદબોધન